૧૪૮૭૬૮/૦-૧૫૧૨૮/૦૪/૨૦૨૫

<u>સને ૨૦૨૫-૨૬ -ચાલુ બાબત.</u>
સહકારી ખાંડ કારખાનાને શેરમૂડી ફાળો આપવાની રાજ્ય સરકારની યોજના (આદિજાતિ વિસ્તાર)માટેની યોજનાને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક:- ACD/KEF/e-file/2/2024/3415/03/KH
સચિવાલય, ગાંધીનગર
તા.૦૧/૦૪/૨૦૨૫

વંચાણે લીધા:-

(૧) કૃષિ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૩૬૮૪/૮૨૨૬/૮લા, તા.૦૫/૦૮/૧૯૯૮
(૨) કૃષિ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૧૨૦૦૨/૨૮૪૮/ખ(પ૧), તા.૨૨/પ/૨૦૦૩
(૩) કૃષિ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૪/૨૦૨૩/ખ, તા.૧૩/પ/૨૦૧૫
(૪) કૃષિ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૫/૧૮૭૦/ખ, તા.૧૩/૪/૨૦૧૬
(૫) કૃષિ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૬/૧૪૪૦/ખ, તા.૦૭/૪/૨૦૧૭
(૬) કૃષિ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૬/૧૪૪૧/ખ, તા.૦૭/૪/૨૦૧૭
(૭) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૭/૧૪૯૦/ખ, તા.૧૨/૪/૨૦૧૮
(૮) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૮/૧૩૦૧/ખ, તા.૧૨/૪/૨૦૧૯
(૯) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૯/૧૩૮૫/ખ, તા.૦૧/૦૬/૨૦૨૦
(૧૦) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૯/૧૩૮૫/ખ, તા.૧૮/૦૬/૨૦૨૦
(૧૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૨૦/૧૩૧૬/ખ, તા.૧૭/૦૫/૨૦૨૧
(૧૨) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૨૧/૧૨૮૩/ખ, તા.૨૬/૦૪/૨૦૨૨
(૧૩) કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૦૬/૦૩/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંકACD/AMR/e-file /2 /2023/4973/04/KH
(૧૪) ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૩/૦૩/૨૦૨૫ ના પત્ર ક: અજન/૦૧/૪/૨૯૭/૨૦૨૫

<u>આમુખ :-</u>

રાજ્યના સહકારી ખાંડ કારખાનાને શેરમૂડી ફાળો આપવાની રાજ્ય સરકારની યોજનાને વંચાણે લીધા ક્રમાંક : (૧) થી પુન: સુધારા ઠરાવ કરી અમલમાં મૂકવામાં આવેલ હતી, ત્યારબાદ વંચાણે લીધા ક્રમાંક: (૨) ના ઠરાવથી વિભાગના તા.૨૨/પ/૨૦૦૩ ના ઠરાવથી સને ૨૦૦૩-૨૦૦૪ના નાણાંકીય વર્ષ માટે ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ, ત્યારબાદ સદરહુ યોજના હેઠળ છેલ્લા દસ વર્ષમાં સામાન્ય વિસ્તારના સહકારી ખાંડ કારખાનાને શેરમૂડી ફાળો આપવાની કોઈ દરખાસ્ત રજૂ થયેલ/મળેલ ન હોવાથી અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ નથી. ત્યારબાદ વંચાણે લીધા ક્રમાંક : (૩),(૪),(૫),(૬),(૭),(૮), (૯),(૧૦),(૧૧),(૧૨) તથા (૧૩) ના ઠરાવોથી સદરહુ યોજનાને 'ચાલુ બાબત' તરીકે ચાલુ રાખવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી, તેમજ વંચાણે લીધા ક્રમાંક : (૧૩) સામે દર્શાવેલ વિભાગના તા.૦૬/૦૩/૨૦૨૪ ના ઠરાવથી આદિજાતિ વિસ્તાર માટે સદરહુ યોજનાને સને ૨૦૨૪-૨૫ના નાણાંકીય વર્ષ માટે 'ચાલુ બાબત' તરીકે ચાલુ રાખવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી.

સદરહુ યોજના માટે વંચાણે લીધા ક્રમાંક (૧૪) સામે દર્શાવેલ ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૩/૦૩/૨૦૨૫ ના પત્રથી સને ૨૦૨૫-૨૦૨૬ ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં આદિજાતિ વિસ્તાર હેઠળ રૂ.૨.૫૦/- કરોડ (અંકે રૂપિયા બે કરોડ પચાસ લાખ પુરા)ની અંદાજપત્રીય જોગવાઈ સાથે આ યોજનાને 'ચાલુ બાબત' તરીકે વહીવટી મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

સરકારશ્રી, પુખ્ત વિચારણાને અંતે રાજ્યના સહકારી ખાંડ કારખાનાને શેરમૂડી ફાળો આપવા બાબતના આયોજન હેઠળની આ યોજનાને ચાલુ બાબત તરીકે રાજ્યના સને ૨૦૨૫-૨૦૨૬ ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં કરવામાં આવેલ આદિજાતિ વિસ્તાર હેઠળ રૂ.૨.૫૦/- કરોડ (અંકે રૂપિયા બે કરોડ પચાસ લાખ પુરા)ની જોગવાઈને આથી, નીચે દર્શાવેલ શરતોને આધીન વહીવટી મંજુરી આપવા ઠરાવે છે.

<u>શરતો:-</u>

(૧) આ યોજનાની મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે
(૨) સને ૨૦૨૫-૨૦૨૬ની બજેટ જોગવાઈને આધિન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
(૩) પ્રસ્તુત યોજનામાં જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અન્ય હેતુઓ માટે ખર્ચ કરી શકાશે નહીં.
(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારા-ધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
(૫) યોજનાઓની નિયત થયેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૬) વર્ષના અંતે જો કોઈ બચત રહેવા પામે, તો તે પરત કરવાની રહેશે.

(૭) પ્રસ્તુત યોજના હેઠળ ખોલાવેલ ખાતામા રાજ્ય સરકારશ્રી દ્વારા મળનાર ગ્રાન્ટ જમા કરવાથી ઉક્ત ખાતામા વ્યાજ સહિત અન્ય તમામ પ્રકારની જે પણ આવક થાય તે તમામ આવક રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટનો જ હિસ્સો ગણવામાં આવશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૦) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૧૧) સદર યોજના હેઠળ મંજુર થયેલ શેરફાળોની રકમ જિલ્લા રજીસ્ટ્રાર અને ખાંડ સહકારી મંડળીના સંયુકત ખાતામાં જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક/રાષ્ટ્રીયકૃત બેંકમાં જમા કરાવવાની રહેશે. ખાંડ સહકારી મંડળી પાસેથી આ પ્રોજેકટના હેતુ માટે ઉભું કરેલ ફંડ/મેળવેલ કરજની અધિકૃત વિગતો મેળવી તથા પ્રોજેકટ અન્વયે થયેલ કામની સ્થળ સ્થિતિની તપાસણી/પ્રગતિની વિગતોની ચકાસણી કરીને જિલ્લા રજીસ્ટ્રારે ફંડની મર્યાદામાં તબક્કાવાર રકમની ચુકવણી કરવાની રહેશે.

(૧૨) પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૨૫ પછી કરવાનો રહેશે.

૨. આ અંગેનો ખર્ચ રાજ્યના સને ૨૦૨૫-૨૬ ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળની જોગવાઇમાંથી મેળવી તે સદર હેઠળ ઉધારવાનો રહેશે.

<u>આદિજાતિ વિસ્તાર:-</u>

**માંગણી નંબર : ૯૬**
**સેક્ટર : ગ આર્થિક સેવાઓના મૂડી હિસાબ**
**પેટા સેક્ટર : (છ) ઉધોગ અને ખનિજના મૂડી હિસાબ.**
**મુખ્ય સદર : ૪૮૬૦ : વપરાશદાર ઉધોગો અંગે મૂડી ખર્ચ જોગવાઈ**
**પેટા મુખ્ય સદર: ૦૪ ખાંડ**
**ગૌણ સદર : ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના**
**પેટા સદર:- ૦૧ સીઓપી-૧૬ ખાંડના સહકારી કારખાનાને શેરમૂડી ફાળો**
**હેડ ચાર્જેબલ: ૪૮૬૦ ૦૪ ૭૯૬ ૦૧**
**છ ડીઝીટ પ્લાન કોડ : ૧૨૦૯૧૭**
**વિગતવાર સદર :- ૦૦**
**હેતુ સદર : ૫૪૦૦ મૂડી રોકાણ**

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૯/૦૩/૨૦૨૫ ની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એસ.એચ.પ્રજાપતિ)**
**સેકશન અધિકારી**
**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

<u>પ્રતિ,</u>

૧. માન. મંત્રીશ્રી (કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમસંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૨. માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (સહકાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
૩. સચિવશ્રી(સહકાર), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૫. ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૬. મહાલેખાકારશ્રી, ગુજરાત અમદાવાદ/રાજકોટ.
૭. નાણાંકીય સલાહકારશ્રી(કૃષિ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮. આદિજાતિ વિકાસ વિભાગ (બજેટ શાખા), સચિવાલય, ગાંધીનગર
૯. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ(બજેટ શાખા), સચિવાલય, ગાંધીનગર
૧૦. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, આદિજાતિ વિકાસ નિગમ લિ., સેક્ટર-૨૦, ગાંધીનગર
૧૧. આઈટી શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૨. શાખા સિલેકટ ફાઈલ

Signature valid
Signed by:S.H. PRAJAPATI
Section Officer
Date:2025.04.01
15:27:01